## હરિની દ્રષ્ટિ... - હરિન ભટ્ટ




એમ તો આ સિદ્ધિનો મુખ્ય શ્રેય અમને પણ મળવો જોઈએ... અમે કલમ બનાવી ન હોત તો આ લોકો નાબુદ શું કરેત...!!

# સિવિલના હિમો ડાયાલિસીસ વિભાગના ટીવી ચાર માસથી બંધ

ગાંધીનગર,તા.૫

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ત્રીજા માળે આવેલા હિમોડાયાલીસીસ વિભાગના ૧૨ જેટલા ટીવી છેલ્લા ચાર માસથી બંધ હાલતમાં પડી રહ્યા છે. રીચાર્જના અભાવે દર્દીઓ ડાયાલીસીસ દરમિયાન ટીવી જોવાથી વંચિત રહી જાય છે. અત્યાર સુધી ટીવીનું રીચાર્જ થતુ હતુ પરંતુ છેલ્લા ચાર માસથી રીચાર્જ ન થતા ટીવી શોભાના ગાંઠીયા સમાન બની રહ્યા છે. ત્યારે ડાયાલીસીસ માટે આવતા દર્દીઓને ત્રણ કલાકથી વધુનો સમય કાઢવો મુસીબત સમાન બની જાય છે.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં હિમો ડાયાલિસીસી વિભાગ કાર્યરત છે. જેમાં ગાંધીનગર જિલ્લા તેમજ આસપાસના જિલ્લાના દર્દીઓ ડાયાલીસીસ કરાવવા માટે આવે છે. સિવિલમાં ડાયાલીસીસનો અલાયદો સ્ટાફ પણ છે. ડાયાલીસીસ માટે મોટીસંખ્યામાં દર્દીઓ પણ આવે છે. સવારે ૯ થી સાંજના ૪ વાગ્યા સુધી દર્દીઓના ડાયાલિસીસ થાય છે. ડાયાલીસીસ સેન્ટરના પ્રારંભે ડાયાલીસીસ માટે આવતા દર્દીઓને ત્રણ થી ચાર કલાકનો સમય થાય છે. જેથી દર્દીઓના મનોરંજન માટે ટીવી મુકવામાં આવ્યા છે. ડાયાલીસીસના તમામ ટીવીના રીચાર્જ પહેલા થતા જ હતા. પરંતુ છેલ્લા ચાર માસથી ન જાણે કયો ગ્રહ નડી રહ્યો છે કે ડાયાલીસીસ સેન્ટરના ટીવીનું રીચાર્જ થતુ નથી.દર્દીઓ તેમજ તેમના સ્વજનો પણ આ અંગે ફરીયાદો કરીને કંટાળી ગયા છે. પરંતુ તંત્ર દ્વારા એકબીજાને ખો આપવામાં આવે છે. દર્દીઓ માટે મુકવામાં આવેલા ટીવી શરુ કરવામાં જાણે કોઈને રસ ના હોય તેમ લાગી રહ્યું છે. ત્યારે ડાયાલીસીસના સમય દરમિયાન દર્દીઓને ટીવી માથાના દુખાવા સમાન લાગી રહ્યા છે.

# વાસણા ગામે હનુમાનજી મંદિર પાસે જુગાર રમતા ૭ શકુની ઝડપાયા

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર નજીક આવેલા વાસણ ગામે હનુમાનજી મંદિર પાણીની ટાંકી પાસે અન્નક્ષેત્ર પાછળ ખુલ્લી જગ્યામાં કેટલાક શખ્સ જુગાર રમી રહ્યા છે તેવી બાતમી પેથાપુર પોલીસને મળી હતી. જેને પગલે પોલીસે બાતમીવાળી જગ્યાએ રેઈડ પાડતા પોલીસના હાથે પોપટજી રવાજી વેલાજી ઠાકોર, અજીતસિંહ હસમુખસિંહ રામાજી ગોહિલ, રમેશ નટવર પરમાર, કલ્પેશ રમેશભાઈ નટવરભાઈ પરમાર, મનોજ લક્ષ્મણ ખોડાભાઈ પટ્ટણી, દિનેશ લક્ષ્મણ ખોડાભાઈ પટ્ટણી, મયુરસિંહ અજીતસિંહ અર્જુનસિંહ વાઘેલા પોલીસના હાથે ઝડપાઈ ગયા હતા. પોલીસને દાવ પરથી રોકડ રૂ. ૨૯૧૦, અંગજડતી દરમિયાન રૂ. ૭૪૫૦ મળીને કુલ રૂ. ૧૦,૬૬૦, મોબાઈલ નંગ ૭ કિ. રૂ. ૬૫૦૦, કુલ કિ. રૂ. ૧૭,૧૦૦નો મુદ્દામાલ સાથે પકડી પાડી તમામ શખ્સો સામે જુગારધારા મુજબ ફરીયાદ નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# ઉનાવા ગામની સીમમાં ફાર્મ હાઉસમાં જુગાર રમતા પાંચ શકુનીઓ ઝડપાયા

ગાંધીનગર, તા.૫

શ્રાવણ માસના પ્રારંભ થી જ જાણે જુગારની સિઝન શરુ થઈ



હોય તેમ લાગી રહ્યું છે. ત્યારે ગાંધીનગર નજીક આવેલા ઉનાવા ગામની સીમમાં આવેલા ફાર્મ હાઉસમાં જુગાર રમતા પાંચ શકુનીઓને પેથાપુર પોલીસે પકડી પાડ્યા છે. પોલીસે પાંચેય શકુનીઓને ધરપકડ કરી રોકડ રકમ રૂ. ૪૬,૯૯૦ તેમજ અન્ય ચીજવસ્તુઓ મળીને કુલ રૂ. ૧૨,૬૩,૯૯૦ નો મુદ્દામાલ કબ્જે કરી કાયેદસરની કાર્યવાહી હાથ ધરી છે. જયારે પકડાયેલામાં એક જુગારી સાઈમાં કોચ હોવાનું પણ ચર્ચાઈ રહ્યું છે.

પોલીસ પાસેથી મળતી વિગત મુજબ પેથાપુર પીએસઆઈ એ.જી.એનુરકાર તેમજ અ.પો.કો. જયપાલસિંહ રાજેન્દ્રસિંહ, ધીરેન્દ્રસિંહ બહાદુરસિંહ પેટ્રોલીંગમાં હતા. તે દરમિયાન જયપાલસિંહ અને ધીરેન્દ્રસિંહને સંયુકત બાતમી મળી હતી કે ઉનાવા ગામની સીમમાં આવેલા ફાર્મ હાઉસમાં જુગાર રમાઈ રહ્યો છે. જેને પગલે એ.હે.કો. બાબુભાઈ જસંગભાઈ, દિલિપકુમાર વિનોદચંદ્ર, અમરતબાઈ જીવણભાઈ, જયેન્દ્રસિંહ પ્રવિણસિંહ, જયદિપસિંહ વિક્રમસિંહ, અલ્પેશસિંહ દશરથસિંહ, ચેતનસિંહ ભરતસિંહ, વિપુલસિંહ ભુપેન્દ્રસિંહ, અનિલસિંહ દલપતસિંહ, પ્રદિપસિંહ અમરસિંહે રેઈડ પાડતા પોલીસના હાથે પાંચ શકુનીઓ તીન પતીનો જુગાર રમતા ઝડપાઈ ગયા હતા. પોલીસે દાવ પરથી રોકડ રકમ રૂ. ૧૪,૮૯૦, અંગજડતીમાંથી રોકડ રૂ. ૩૨,૧૦૦ મળી કુલ રૂ. ૪૬,૯૯૦ તેમજ મોબાઈલ ફોન નંગ-૭ કિ.રૂ.૧૭,૦૦૦ અને ફોરર્ચ્યુનર ગાડી જી.જે.૧૮.બી.એ. ૯૬૯૮ની કિંમત રૂ. ૧૦,૦૦,૦૦૦ તથા આઈ-૧૦ કાર જી.જે.૧૮.બી.સી. -૮૭૧૨ કિં.રૂ.૨,૦૦,૦૦૦ મળી કુલ રૂ. ૧૨,૬૩,૯૯૦ નો મુદ્દામાલ કબ્જે કરી તમામ શકુનીઓ સામે પેથાપુર પોલીસ મથકે જુગારધારાનો ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ચિલોડા બ્રહ્માકુમારીઝ જગદંબા ભવન ખાતે અલૌકિક રક્ષાબંધન સ્નેહમિલન કાર્યક્રમ યોજાયો

ચિલોડા, તા. ૫

ગાંધીનગર તાલુકના ચિલોડા સર્કલ પાસે બ્રહ્માકુમારીઝ જગદંબાભવનમાં રક્ષાબંધનના શ્રેષ્ઠ પાવન પવિત્ર પ્રસંગે નિમિત્તે સહયોગી સ્નેહીભાઈ બહેનો સેવાનો લાભ લઈ રહ્યા છે.

ત્યારે પવિત્ર રક્ષાબંધન પર્વ નિમિત્તે જીવનના સુમધુર સંબંધો, સદા પ્રફુલ્લિત જીવનશૈલી,




તનાવમુક્ત જીવન નૈતિક પરિવર્તન, સુખમયજીવન માટે અલૌકિક સ્નેહમિલન સમારંભનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે છેલ્લા ૩૫ વર્ષથી સેવાકેન્દ્રમાં ઈશ્વરીય ધ્યાન, વાંચન, ચિંતન માટે સમય, વ્યસનમુક્તિ વગેરે શુભ સંકલ્પો ૨૦૦થી વધુ સહયોગી ભાઈ-બહેનોએ લીધા હતા.



## મહિલા પોલીસ કર્મચારીઓ માટે માર્ગદર્શન શિબિર યોજાઈ

મહિલા સશકિતકરણ પખવાડીયા-૨૦૧૯ ઉજવણીના ભાગરુપે સોમવારના રોજ ગાંધીનગર જિલ્લા પોલીસ તંત્રમાં ફરજ બજાવતા મહિલા પોલીસ અધિકારી તેમજ કર્મચારીઓ માટે એક જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ખાસ કરીને મહિલા પોલીસ કર્મચારીઓ પોતાની ફરજ દરમિયાન મહિલાઓને મુશ્કેલીના સમયે કેવી રીતે મદદરૂપ થઈ શકે છે. તે ઉપરાંત મહિલા કર્મચારીઓ ફરજ સાથે કૌટુંબિક ફરજ પણ સરળતાથી કેવી રીતે બજાવી શકે તે અંગે મહિલા કોલેજના પ્રોફેસર ડો.માધવીબેન ઉપાધ્યાય દ્વારા જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. મહિલા પોલીસ કર્મચારીઓને મહિલા પોલીસની કામગીરીને ઉજાગર કરતી ફિલ્મ ''મર્દાની''દર્શાવવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં જિલ્લાના તમામ મહિલા ઈન્સ્પેકટર, પોલીસ સબ ઈન્સ્પેકટર, સહિત મહિલા લોકરક્ષક કર્મચારી બહેનોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ કાર્યક્રમમાં ના.પો.અધિક્ષક એમ.જે.સોલંકી, સુરક્ષાસેતુના લાયઝન અધિકારી પ્રવિણ વલેરા, ટ્રાફિક પીઆઈ મનિષા પુવાર તેમજ હેડ કવાર્ટર ઈન્સ્પેકટર એમ.જી.ટુંડીયા હાજર રહ્યા હતા.

# અસરગ્રસ્ત તમામ જિલ્લામાં કામગીરીની કરાયેલ સમીક્ષા

અમદાવાદ, તા.૫

દક્ષિણ ગુજરાતમાં ભારે વરસાદના લીધે જનજીવન ઉપર અસર થઈ છે. અનેક નદીઓમાં ઘોડાપુરની સ્થિતિ જોવા મળી રહી છે. સેંકડો લોકોનું સ્થળાંત કરવામાં આવ્યું છે. કિમ નદીના કીમ કોસંબા રોડ ઉપર ફરી વળતા સાવચેતીના પગલા લેવાયા છે. ૧૧ ગામોને હજુ પણ એલર્ટ ઉપર રખાયા છે. રાજ્યના મહેસૂલ મંત્રી કૌશિક પટેલે આજે સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર ગાંધીનગર ખાતે રાજ્યમાં વરસી રહેલા વરસાદને કારણે દક્ષિણ ગુજરાતમાં વરસાદથી પ્રભાવિત જિલ્લાઓમાં વહીવટી તંત્ર દ્વારા કરાયેલ કામગીરીની સમીક્ષા કરી હતી. મુખ્યમંત્રી વિજય રૂપાણી દ્વારા પણ રોજબરોજ સતત માર્ગદર્શન પુરુ પાડીને મોનીટરીંગ કરીને કામગીરીની સમીક્ષા કરવામાં આવતી હતી. મહેસૂલ મંત્રી પટેલે કહ્યુ કે, રાજય સરકારની સતર્કતા તથા સમયબદ્ધ આયોજનના પરિણામે કોઈ મોટી જાનહાનિ થઈ નથી. રાજ્યનો એકપણ તાલુકો એવો નથી કે જ્યાં વરસાદ પડ્યો ન હોય. રાજ્યમાં અત્યાર સુધીમાં મોસમનો કુલ સરેરાશ વરસાદ ૬૧.૫૫ ટકા જેટલો નોંધાયો છે.

# ડિઝાસ્ટર મેનેજમેન્ટની અતિ મહત્વપૂર્ણ બેઠક યોજાઈ ગઈ

અમદાવાદ,તા.૫

મુખ્યમંત્રી વિજય રૂપાણીની અધ્યક્ષતામાં ગુજરાત ઈન્સ્ટીટયૂટ ઓફ ડિઝાસ્ટર મેનેજરમેન્ટની ગર્વનિંગ કાઉન્સીલની મળેલી બેઠકમાં વડોદરા શહેરમાં વિશ્વામિત્રીના વરસાદી પાણી આવી જવાને કારણે સર્જાયેલી આફતના ઉપાય રૂપે લાંબાગાળાના પગલાંઓની વિશદ ચર્ચા-વિચારણા હાથ ધરવામાં આવી હતી. મુખ્યમંત્રીએ આવી વરસાદી આફતને કારણે વડોદરા શહેરમાં ભવિષ્યમાં પાણી ભરાવાની વિપદા ન સર્જાય તે માટેનો લોંગટર્મ એકશન પ્લાન શહેરી વિકાસ વિભાગ અને સંબંધિત વિભાગો સાથે મળીને આ આપદા પ્રબંધન સંસ્થાન તૈયાર કરે તેવું સૂચન કર્યુ હતું. ડિઝાસ્ટર મેનેજમેન્ટ મંત્રી દિલીપકુમાર ઠાકોર, મુખ્ય સચિવ ડૉ. જે. એન. સિંહ, પોલીસ મહાનિદેશક શિવાનંદ જહા તેમજ જી.આઈ.ડી.એમ.ના ડાયરેકટર જનરલ પી. કે. તનેજા, સી.ઈ.ઓ અનુરાધા મલ, મુખ્યમંત્રીના અગ્ર સચિવ એમ. કે. દાસ, શહેરી વિકાસ અગ્ર સચિવ મૂકેશ પૂરી, માર્ગ-મકાન સચિવ સંદીપ વસાવા સહિતના અધિકારીઓ આ બેઠકમાં જોડાયા હતા. વિજય રૂપાણીએ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઈન્સ્ટીટયૂટ દ્વારા આપદા પ્રબંધન સાથોસાથ હવેના સમયની માંગ અનુરૂપ નાગપૂર ફાયર કોલેજ જેવા ફાયર ટ્રેનિંગ, રિસ્ક મેનેજમેન્ટના કોર્સીસ શરૂ થાય અને યુવાશકિતને તાલીમ અપાય તેવી હિમાયત પણ કરી હતી. ગાંધીનગર નજીક આકાર પામેલી ગિફટ સિટીનો ડિઝાસ્ટર મેનેજમેન્ટ પ્લાન આ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઈન્સ્ટીટયૂટ બનાવે છે તેની જાણકારી બેઠકમાં આપવામાં આવી હતી. મુખ્યમંત્રીએ આ સંદર્ભમાં સ્ટેચ્યુ ઓફ યુનિટીનો આવો ડિઝાસ્ટર મેનેજમેન્ટ પ્લાન પણ જી.આઈ.ડી.એમ. તૈયાર કરે તેવું સૂચન પણ કર્યુ હતું.



## ઉનાવામાં દિવ્યાંગજનો તથા વયોશ્રી માટે સાધન સહાય કેમ્પ યોજાયો

ગાંધીનગર તાલુકાના ઉનાવા ખાતે પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં ભારત તથા ગુજરાત સરકારના સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રાલય તેમજ ભારતીય કૃત્રિમ અંગ નિર્માણ નિગમ કાનપુરના સંયુક્ત ઉપક્રમે ગુરૂવારના રોજ દિવ્યાંગજનો તથા વયોશ્રી માટે સાધન સહાય એસેસમેન્ટ કેમ્પનું આયોજન થયું હતું. આ કેમ્પમાં ઉનાવા ઉપરાંત આજુબાજુના ૬ ગામોના દિવ્યાંગજન લાભાર્થીઓને કુલ રૂ. ૯૨૦૦૦૦ તથા વયોશ્રી લાભાર્થીઓને કુલ રૂ. ૫૫૦૦૦૦ના મળી રૂ. ૧૪૨૦૦૦૦ જેટલી રકમના સાધન સહાય માટે એસેસમેન્ટ કરવામાં આવ્યા હતા. આ કેમ્પમાં વધુમાં વધુ લાભાર્થીઓને સહાય પ્રાપ્ત થાય તે હેતુ માટે ઉનાવા તથા રૂપાલ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના મેડીકલ ઓફિસર, સરપંચો, આરોગ્ય કર્મચારીઓ તથા આશાબેનોએ ભારે જહેમત ઉઠાવી લાભાર્થીઓને સમજ આપી ફળદાયી કામગીરી કરી આ પ્રવૃતિને વેગવંતી બનાવી હતી. રૂપાલ તથા ઉનાવા ગામના પંચાયત સભ્યો તથા આગેવાનો સહિત ગ્રામજનોનો પણ પુર્ણ સહયોગ પ્રાપ્ત થતા આ કેમ્પને અદ્‌ભુત સફળતા પ્રાપ્ત થઈ હતી. વધુમાં સરકાર દ્વારા દિવ્યાંગજનો અને વયોશ્રીઓ માટે થઈ રહેલી આ કામગીરી પ્રશંસનીય અને આશિર્વાદરૂપ હાજર સૌને લાગી હતી.

# ...મોદી હૈ તો મુમકીન હૈ..!!!

## દેશભરમાં સોશ્યલ મિડીયા પર ભારે ઉત્સાહનો માહોલ : અવનવાં ચબરાકિયાં દ્વારા નેટીઝન્સે ઐતિહાસિક નિર્ણયને વધાવ્યો



ગાંધીનગર, તા. ૫

ભારતે ફરી એકવાર નરેન્દ્ર મોદીની આગેવાનીમાં એક વધુ ઐતિહાસિક દિવસ નિહાળ્યો છે. કાશ્મીરમાંથી કલમ ૩૭૦ અને અનુચ્છેદ ૩૫ એ હટાવવા સાથે જમ્મુ કાશ્મીરને તથા લદ્દાખને અલગ અલગ કેન્દ્ર શાસિત પ્રદેશ બનાવવાના કેન્દ્ર સરકારના નિર્ણયને દેશભરમાં જબરદસ્ત આવકાર મળવા સાથે જાણે સમગ્ર દેશમાં રાષ્ટ્રપ્રેમનું મોજુ પ્રસરી વળ્યું છે. ગાંધીનગરમાં પણ સતત ઉત્સાહપૂર્વક માહોલમાં નાગરિકોએ સોશ્યલ મિડિયા પર અવનવાં ''ચબરાકિયા'' ફરતા કરી આ ઐતિહાસિક નિર્ણયને વધાવતી ઉજવણી કરી હતી. સોશ્યલ મિડીયા પર દિવસભર વહેતા થયેલા આ ચબરાકિયાંની કેટલીક ઝલક અત્રે પ્રસ્તુત છે.

- ...મોદી હૈ તો મુમકીન હૈ
- ૨૦૧૪માં ગંગા મૈયાને બુલાયા થા, ઈસ લીયે શાંત થા, ૨૦૧૯ મેં કેદારનાથ કા આશિર્વાદ લે કે આયા હું, અબ તાંડવ કરૂંગા
- મોદી (અમિત શાહ તરફ હાથ કરતાં) ''આને સમજાવો કોઈ, હવે કહે છે કે વાઈબ્રન્ટ નવરાત્રી શ્રીનગરમાં કરીએ''
- ટુંકુ ને ટચ : કાળી દાઢી અને દોળી દાઢીએ ભેગા થઈને લાંબી દાઢીયુંની પથારી ફેરવી નાંખી.
- અબ મુઝે લગ રહા હૈ કી મૈં ને કમલ કા નહી ''કમાલ'' કા બટન દબાયા થા.
- થોડા દિવસમાં કાશ્મીરના લાલ ચોકમાં ગાંઠીયાની લારી પણ હશે અને કચ્છની પ્રખ્યાત દાબેલી પણ મળશે.
- હંમેશા સરકારે સોચતી થી કી આતંકી ક્યા કરને વાલે હૈ ? પહલી બાર આતંકી સોચ રહે હૈ કી સરકાર ક્યાં કરને વાલી હૈ ?
- ગજબ કા હૈ દિન સોચો જરા...
  ઓમર : હમ ભી અકેલે...
  મબેબુબા : હમ ભી અકેલે...
  અમિત શાહ : મઝા આ રહા હૈ ?
  પબ્લિક : કસમ સે...!
- ઈમરાનખાન : કાશ્મીરમાં જે કરવું હોય એ કરો, એ તમારું રાજ્ય છે, પણ જલ્દી કરો અહીંયા પાકિસ્તાનમાં ૩ દિવસથી કોઈ સુતુ નથી.
- કુંવારે દોસ્તો કરો તૈયારી, ૧૫ ઓગષ્ટ કે બાદ કાશ્મીર મેં હો સકતી હૈ સસુરાલ તુમ્હારી..!
- કોન્ફિડન્સની પણ એક હદ હોય છે, હમણાં કુડાસણથી એક જમીન મકાન દલાલનો ફોન આવ્યો ''કાશ્મીરમાં પ્લોટ જોઈતો હોય તો કહેજો.''
- પહેલો સોમવાર : ચંદ્રયાન-૨
  બીજો સોમવાર : ટ્રીપલ તલાક
  ત્રીજો સોમવાર : ધારા ૩૭૦ કાશ્મીર
  લાગે છે કે મહાદેવ તાંડવ કરી રહ્યાં છે (ઈસે કહેતે હૈ ''આયા સાવન ઝુમકે'')
  હજુ ચોથો સોમવાર બાકી છે...
- મહેબુબા અને અબદુલ્લા પરેશાન છે, એમને ખબર જ નથી કે શ્રાવણમાં ગુજરાતીઓ બંધમાં રમે...
- ખેતલા આપા અને ઈસ્કોન ગાંઠિયા કાશ્મિર જવા રવાના...
- કાશ્મિરમાં પ્રોપર્ટી ખરીદવા માંગતા હોય તો ઉભા રહેજો... શક્ય છે કે થોડા દિવસમાં લાહોરમાં સસ્તો પ્લોટ મળી જાય... લાગે છે કે મોટાભાઈ જલ્દી લાહોર સુધી પ્લોટ બતાવવા લઈ જશે.
- આજે ''ગુડા''વાળા ગયા છે શ્રીનગર... પીએમ આવાસ યોજના માટે
- મુઝે દેશ કી આઝાદી કા વક્ત દેખને કા સૌભાગ્ય નહી મિલા, લેકીન આજ કાશ્મીરમે ૩૭૦, ૩૫એ કો હટતે દેખકર વહી ગર્વ મહેસુસ કર રહા હું
- આજ મુજે ''અંધભક્ત'' કહેલાને મેં ગર્વ મહેસુસ હો રહા હૈ.
- આજે મેં મારી આંગળીને ચુમી લીધી જેણે મોદીને વડાપ્રધાન બનાવવા બે વાર કમળનું બટન દબાવ્યું હતું.
- એક પણ ગોળી ચલાવ્યા વિના આખું કાશ્મીર ધ્રુજે છે... મારો મત યોગ્ય કામ કરી રહ્યો છે.
- કોઈ ધક્કામુક્કી ના કરશો દરેકને પ્લોટ મળશે, જેને નહી મળે તેને લાહોરમાં પ્લોટ આપીશુ - મોટાભાઈ
- આજથી કોઈએ મને પુછવું નહી કે, હું કેમ ''મોદી ભક્ત'' છું ?
- કાશ્મીરમાં અત્યારે એવો માહોલ છે કે કોઈ બહારથી દરવાજો ખખડાવે તો પણ અંદરથી અવાજ આવે છે કે ''ભારત માતા કી જય''
- મેં તો અપને આપ કો ધન્ય સમજતા હું કી મૈં ઈસ શાસન કો અપની આંખો સે દેખ પા રહા હું...
- યોગી આદિત્યાનાથ : મોટા ભાઈ હવે હું કાશ્મીરનું નામ બદલીને 'કાશી' કરી નાંખુ ?
  અમિત શાહ : ઘડીક હાંહ ખા મારા ભાઈ
- ૧ બીએચકે, ૨ બીએચકે, ૩ બીએચકે... મકાનનું બુકિંગ ચાલુ છે, શ્રીનગર એરપોર્ટથી તદ્દન નજીક, વ્યાજબી ભાવથી, કુદરતી આબોહવા, એસી જેવી ઠંડક ના મળે તો પૈસા પાછા...
  તા.ક. : દલાલોએ તસ્દી લેવી નહી
- કાશ્મીરમાંથી ધારા ૩૭૦ હટી... બસ હવે ગુજરાતમાંથી દારૂબંધી હટે તો ''વન નેશન વન પીણુ'. અમલમાં આવે.
- મોટરસાયકલ કો કાર બના દું, ખંભે કો મૈ તાર બના દું, વો તો મોદીને રોક રખ્ખા હે વર્ના, પાકિસ્તાનમેં ભી અપની સરકાર બનાદુ
  - અમિત શાહ
- પાટીદાર સમાજે શ્રીનગરમાં ''પટેલ વાડી'' બનાવવાનો ઠરાવ કર્યો, જગ્યાની તપાસ શરૂ...
- સિર્ફ ૧ દિન... સિર્ફ ૧ દિન મેં ૭૦ સાલ પુરાની બિમારી દૂર કર દી... સિર્ફ ૧ દિન મેં
- કન્હૈયાકુમાર : હર ઘર સે અફઝલ નિકલેગા..
  અમિત શાહ : ક્યા નિકલેગા ??
  કન્હૈયાકુમાર : અફસર... નિકલેગા મોટાભાઈ... આપને ક્યા સુના ?
- નરેન્દ્ર મોદી અક્ષયકુમારને... ''તુ બસ એક એક કરકે ફિલ્મ બનાતા જા... સ્કીપ્ટ મેં દેતા જાઉંગા હર મહિને...''

## હવે સ્પર્ધાત્મક પરીક્ષાના માર્ગદર્શક વર્ગ બેચ શરૂ

ગુજરાત રાજયમાં આવી રહેલી નોકરી માટેની તકોમાં વિદ્યાર્થીઓને ઉપયોગી થવાના હેતુસર ગુજરાત યુનિવર્સિટીના એચકે સેન્ટર ફોર પ્રોફેશનલ ટ્રેનિંગ ખાતે સ્પર્ધાત્મક પરીક્ષાના માર્ગદર્શક વર્ગોની બીજી બેચનો આજે પ્રારંભ થયો હતો. સતત બે માસ સુધી ચાલનારા આ વર્ગોમાં જુદા જુદા વિષયો ઉપર નિષ્ણાતો માર્ગદર્શન આપશે. સ્પર્ધાત્મક પરીક્ષાના માર્ગદર્શક વર્ગોની બીજી બેચ ૨૦૧૯ના પ્રારંભ પ્રસંગે ગુજરાત યુનિવર્સિટીના ઉપકુલપતિ ડોકટર જગદીશ ભાવસારે ઉપસ્થિત રહીને વિદ્યાર્થીઓને મહેનત કરીને સફળતા પ્રાપ્ત કરવા શુભેચ્છા પાઠવી હતી. આ પ્રસંગે ડોકટર મિતેશ સોલંકી પણ ઉપસ્થિત રહ્યા હતા.

# ભારતીય જનતા પાર્ટી મહિલા મોરચા દ્વારા વૃક્ષારોપણ

ગાંધીનગરના સ્થાપના દિન અને મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના જન્મ દિવસ નિમિત્તે ભારતીય જનતા પાર્ટી મહિલા મોરચા દ્વારા સે. ૫-સી ખાતે વૃક્ષારોપણ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. કાર્યક્રમમાં મહિલા મોરચાના પ્રમુખ મણીબેન દેસાઈ, મહામંત્રી પ્રિયાબેન પટેલ, ભાવનાબેન પાઠક, ઉપાધ્યક્ષ સરોજબેન મહેરા, વોર્ડ નં. ૫ ના ઉપાધ્યક્ષ રિટાબેન પટેલ તથા રંજનબેન પટેલ સાથે મોરચાની અન્ય બહેનો ઉપસ્થિત રહી હતી.

**જાહેર નિવિદા (બીજો પ્રયત્ન)**

મહેસુલ વિભાગ, બ્લોક નં.૧૧, સચિવાલય, ગાંધીનગરની ઓફીસના ઉપયોગ સારૂ એક વર્ષ દરમિયાન સેમસંગ, એચ.પી., લેક્ષમાર્ક અને કેનન કંપનીની કાર્ટીઝ ટોનર રીફીલીંગની કામગીરી તેમાં જરૂરી આનુસંગીક સ્પેરપાર્ટસ સાથે કરવાની હોઈ, રસ ધરાવતી સંસ્થાઓ / જાહેર પેઢીઓ પાસેથી સીલબંધ કવરમાં ભાવ મંગાવવામાં આવે છે. આ જાહેર પ્રસિદ્ધ થયાના દિવસથી કામગીરી અંગેની શરતો / સુચનાઓ અને ભાવપત્રકો નિયત નમુનો બ-૨ શાખા, ૫-મો માળ, બ્લોક નં. ૧૧, સચિવાલય, સરદાર ભવન, ગાંધીનગરથી મળી રહેશે. આ શરતો અને સુચનાઓ મુજબના ભાવપત્રકો જાહેરાત પ્રસિદ્ધ થયાના દિન-૭માં (જાહેર રજા સિવાય) ઉપસચિવશ્રી (મહેકમ), મહેસુલ વિભાગ, સચિવાલય, ગાંધીનગરને બંધ કવરમાં મોકલી આપવાના રહેશે. ત્યારબાદ આવેલ ભાવો વિચારણામાં લેવામાં આવશે નહી.

સહી/-
ઉપસચિવ (મહેકમ)
મહેસુલ વિભાગ, ગુજરાત સરકાર

માહિતી/૮૪૧/૧૯-૨૦